# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-02-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, ભારત અને કતાર વેપાર, રોકાણ, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય, સંસ્કૃતિ અને ઉર્જા ક્ષેત્રમાં વિશ્વસનીય ભાગીદાર.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામની બ્રહ્મપુત્ર નદી પર રાષ્ટ્રીય આંતરિક જળમાર્ગ પરિવહન ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં એપ્રિલ સુધીમાં ત્રણ નવા ફોજદારી કાયદાનો સંપૂર્ણ અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું.
4) કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, જે ખેડૂત પોતાનું ઉત્પાદન અન્યત્ર વેચવા માગે છે તેના પરિવહનનો ખર્ચ સરકાર ભોગવશે.
5) ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાનાં અંદાજપત્ર સત્રનો આજથી પ્રારંભ થશે.
6) ICC ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ મેચમાં આજે બપોરે કરાંચીમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ ટકરાશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે કતાર સાથે ભારતના સંબંધો સદીઓ જૂના છે અને બંને દેશો વેપાર, રોકાણ, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય, સંસ્કૃતિ અને ઉર્જા ક્ષેત્રોમાં વિશ્વસનીય ભાગીદાર છે.

રાષ્ટ્રપતિ ભવનમાં કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-સાનીનું સ્વાગત કરતા, રાષ્ટ્રપતિએ કહયુ  કે બંને દેશો વચ્ચે બહુપક્ષીય કાર્યક્રમો અને સહયોગ સરળતા અને સદ્ભાવનાની ઊંડી ભાવનામાં વણાયેલા છે.

રાષ્ટ્રપતિએ એવું પણ સૂચન કર્યું કે ભારત અને કતારએ નવીનતા, ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ્સમાં સહયોગ વધારવા માટે તેમની શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે કહ્યું કે બંને દેશોએ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

બંને નેતાઓ સંમત થયા કે ભારત-કતાર સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધારવાથી બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો વધુ મજબૂત બનશે.. રાષ્ટ્રપતિ મુર્મુએ કતારના અમીરના માનમાં રાત્રિભોજનનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-IWT-ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના જોગીઘોપા ખાતે બ્રહ્મપુત્ર નદી પર રાષ્ટ્રીય જળમાર્ગ-2 પર આંતરિક જળમાર્ગ પરિવહન ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે આ ટર્મિનલને પ્રદેશની પ્રગતિ અને સમૃદ્ધિ માટે માળખાગત સુવિધાઓ સુધારવા અને આંતરિક જળમાર્ગોને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

કેન્દ્રીય શિપિંગ, અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ભૂટાનના નાણામંત્રી લિયોનપો નામગ્યેલ દોરજી સાથે ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું.

મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ પાર્ક સાથે જોડાયેલ આ અત્યાધુનિક ટર્મિનલ, ભૂટાન અને બાંગ્લાદેશ માટે આંતરરાષ્ટ્રીય બંદર તરીકે સેવા આપશે. આ ટર્મિનલ ભૂટાનમાં ગેલ્કુથી ૯૧ કિમી, બાંગ્લાદેશ સરહદથી ૧૦૮ કિમી અને ગુવાહાટીથી ૧૪૭ કિમી દૂર સ્થિત છે. આનાથી આસામ અને ઉત્તર-પૂર્વમાં લોજિસ્ટિક્સ અને કાર્ગો જહાજોની અવરજવરમાં વધારો થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RN.-SHAH--J-K-CRIMINAL-LAW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરના વહીવટીતંત્રને આ વર્ષે એપ્રિલ સુધીમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓનો સંપૂર્ણ અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની હાજરીમાં જમ્મુ અને કાશ્મીરમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતી વખતે આ વાત કહી હતી. શ્રી શાહે કહ્યું કે ત્રણ નવા ફોજદારી કાયદાઓ હેઠળ ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જોઈએ.

ગૃહમંત્રીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો અને સુરક્ષા પરિસ્થિતિમાં સુધારો થતાં, પોલીસે હવે નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવાને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે ઉમેર્યું કે કેન્દ્રશાસિત પ્રદેશમાં ગેરહાજરીમાં ટ્રાયલની જોગવાઈનો ઉપયોગ કરવાની તાત્કાલિક જરૂર છે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના દરેક પોલીસ સ્ટેશને રાષ્ટ્રીય સ્વચાલિત ફિંગરપ્રિન્ટ ઓળખ પ્રણાલીનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. તેમણે કહ્યું કે નવા કાયદાઓની જોગવાઈઓ અંગે તપાસ અધિકારીઓને 100 ટકા તાલીમ વહેલી તકે સુનિશ્ચિત કરવી જોઈએ.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના લોકોમાં આ નવા કાયદાઓ વિશે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV.-MP----NAKSHA-PROGRAM

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે જે ખેડૂત પોતાનું ઉત્પાદન અન્યત્ર વેચવા માંગે છે તેના પરિવહનનો ખર્ચ સરકાર ભોગવશે.

કેન્દ્ર દરેક વર્ગના હિતમાં કામ કરે છે., જેના કારણે નાગરિકોના જીવનમાં મોટો ફેરફાર આવ્યો છે. શ્રી ચૌહાણ મધ્યપ્રદેશના રાયસેનમાં રાષ્ટ્રીય ભૂ-અવકાશી જ્ઞાન-આધારિત જમીન સર્વેક્ષણ-નકશા  નામના પાયલોટ કાર્યક્રમના લોન્ચિંગ પ્રસંગે સભાને સંબોધિત કરી રહ્યા હતા

(Byte--2045---SHIVRAJ-SINGH-CHOUHAN.mp3)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

……………………………………………………………

# GUJARAT VIDHANSABHA SATRA

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાનાં અંદાજપત્ર સત્રનો આજથી પ્રારંભ થશે. આજે પહેલા દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી સત્રની શરૂઆત થશે. જ્યારે આવતીકાલે નાણામંત્રી કનુ દેસાઈ વર્ષ 2025-26 માટેનું અંદાજપત્ર ગૃહમાં રજૂ કરશે. આ સત્ર દરમિયાન સરકારી ખરડા, સરકારી કામકાજના પ્રશ્નોની ચર્ચા અંગે બેઠકમાં ચર્ચા કરાશે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, આ સત્રને ધ્યાનમાં રાખી 6 નાયબ પોલીસ અધીક્ષક, 10 પોલીસ ઇન્સ્પેક્ટર, 35 પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત 660થી વધુ જવાન ફરજ પર તહેનાત રહેશે. જ્યારે વિશેષ અનામત પોલીસ- SRP જવાનની પણ મદદ લેવાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# EVE-MAHAKUMBH-–-UNNAO-JAIL

પ્રયાગરાજમાં મહાકુંભમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. અત્યાર સુધીમાં ૫૫ કરોડ ૪૬ લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ડૂબકી લગાવી છે. દરમિયાન, ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં એક અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. પ્રયાગરાજના મહાકુંભમાંથી જેલ સંકુલમાં પાણી લાવ્યા બાદ ઉન્નાવ જિલ્લા જેલના કેદીઓને પવિત્ર સ્નાન કરાવવામાં આવ્યું.

(Byte--2045-MAHAKUMBH-ANAND)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-SUNAK

બ્રિટનના પૂર્વ પ્રધાનમંત્રી ઋષિ સુનક, તેમના પરિવાર સાથે ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ શેર કર્યું કે તેમની સાથે ઘણા વિષયો પર અદ્ભુત વાતચીત થઈ. તેમણે એમ પણ કહ્યું કે શ્રી સુનક ભારતના મહાન મિત્ર છે અને ભારત-બ્રિટન સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે ઉત્સાહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN-ICC-CHAMPIONS-TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીની નવમી આવૃત્તિ આજે બપોરે શરૂ થઈ રહી છે, જેમાં પાકિસ્તાન કરાંચીમાં પોતાની પહેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 2:30 વાગ્યે શરૂ થવાની છે.

રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમ આવતીકાલે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ફાઇનલ આવતા મહિનાની 9મી તારીખે રમાશે.

ગ્રુપ A માં ન્યુઝીલેન્ડ, ભારત, બાંગ્લાદેશ અને યજમાન પાકિસ્તાન છે.

ગ્રુપ B માં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.

પાકિસ્તાને 2017 માં ફાઇનલમાં ભારતને હરાવીને ક્રિકેટ ટ્રોફી જીતી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

આજના તમામ અખબારોએ વિવિધ સમાચારને મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, તમારા મગજમાં ગંદકી ભરી છેઃ રણવીર અલ્હાબાદીયાને સુપ્રીમ કોર્ટે ઝાટક્યો. સંદેશનું મુખ્યશીર્ષક છે, તમારા મગજમાં ગંદકી છે, તમને શરમ આવવી જોઈએઃ સુપ્રીમની અલાહાબાદિયાને ફટકાર. નવગુજરાત સમય લખે છે, સમાજમાં અશ્લિલતાનાં ધોરણો શું છે? સુપ્રીમ કોર્ટ. સર્વોચ્ચ અદાલતની ટીપ્પણીને ટાંકીને રાજસ્થાન પત્રિકાએ “દિમાગ મેં ગંદગી... માતા-પિતા ઔર બહનેં હી નહીં, પૂરા સમાજ શર્મસાર”ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

ફૂલછાબે “ભાજપ-મતદારોનો સંગમ, કૉંગ્રેસે નાહી નાખ્યું”ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે દિવ્ય ભાસ્કરે મુખ્યશીર્ષકમા લખ્યું, મનપા કી બાત..! ભાજપે 92 ટકા નગરપાલિકા જીતી, વિધાનસભાથી મોટી જીત.

ગુજરાત સમાચાર છેલ્લા પાના પર લખે છે, નગરપાલિકા-પંચાયતની ચૂંટણીમાં ભગવો લહેરાયો, કૉંગ્રેસનો સફાયો. ગુજરાત સમાચારે “અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા નરોડાના નવ લોકોની આઈબી દ્વારા પૂછપરછ કરાશે”ના શીર્ષક સાથેના સમાચાર સ્થાનિક પાના પર લીધા છે.

નવગુજરાત સમયે ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રને ધ્યાને રાખી “હૉસ્પિટલોને વધુ મુદત આપી કામચલાઉ રજિસ્ટ્રેશનની મંજૂરી આપતું વિધેયક લવાશે.”ના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .